Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्मप्रकाश.

# JAIN DHARMA PRAKASH.

પુસ્તક ૬ ઠું. કાર્ત્તિક શુદિ. ૧૫ સંવત. ૧૯૪૭, અંક.૮મો.

मालिनी

प्रशम रस निमग्नं, दृष्टियुग्मं प्रसन्नं;
वदन कमल मंकः कामिनी संग शून्यः
कर युगमपि यत्ते, शस्त्र संबंध वंध्यं
तदसि जगति देवो, वीतराग स्त्वमेव ॥१॥

प्रगट कर्त्ता.

श्री जैनधर्मप्रसारक सभा

ભાવનગર.

अमदावादमां.

"એંગ્લો વર્નાક્યુલર પ્રીન્ટીંગ પ્રેસમાં"
શા૦ નથુભાઈ રતનચંદે છાપી પ્રસિદ્ધ કર્યું.

શક ૧૮૧૨. સન ૧૮૯૦

મુલ્ય વર્ષ ૧ નો રૂ૧—૦—૦ અગાઉથી પોસ્ટેજ રૂ૦—૩—૦ જુદું
છુટક અંક એકના રૂ ૦—૨—૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# अनुक्रमणिका.


| વિષય. | પૃષ્ટ |
|---|---|
| ૧ પ્રશ્નોત્તર (લખનાર મુનીરાજ શ્રી આત્મારામજી) | ૧૧૩ |
| ૨ શ્રી વજ્રસ્વામીનું ચરિત્ર. | ૧૧૬ |
| ૩ ચરચાપત્રનો ઉત્તર. | ૧૨૦ |
| ૪ જયણા. | ૧૨૨ |
| ૫ શ્રીભાવનગરમાં થયેલા ઉજમણાના મહોત્સવનું વર્ણન. | ૧૨૫ |


## ખાસ સૂચના.

જ્ઞાનનું બહુ માન જ્ઞાનાવરણી કર્મનો ક્ષય કરે છે અને જ્ઞાનની આસાતનાથી જ્ઞાનાવરણી કર્મ બંધાય છે માટે ચોપાનીઆને રખડતું ન મેલતાં ઊંચે આસને મુકવું અને આદ્યંત લક્ષપુર્વક વાંચી યથાશક્તિ ધર્મ કાર્યમાં પ્રવર્ત્તવું.

## ગ્રાહકોને ચેતવણી.

ચાલતા વર્ષના આઠ અંકો બહાર પડી ચુકયાછે તો હવે ગ્રાહકોએ લવાજમ તાકીદે મોકલાવવું. નહીંતો વિના કારણ પોસ્ટ ખર્ચ કરવું પડશે. પાછલું લવાજમ જેઓની પાસે લેણું છે તેમણે તો બરાબર સ્મરણમાં રાખવું. નીચે જણાએલા એજંટોને ભરવાથી અમને પોચશે.

શ્રી સુરત—શા૦ ડાહ્યાભાઈ સરૂપચંદ નાણાવટ
શ્રી મુંબઈ—શા૦ ત્રીભોવન ભાણજી શા૦ રતનજી વીરજીની દુકાને બહારકોટ છીપીચાલી.
શ્રી ભરૂચ—શા૦ મગનલાલ મેળાપચંદ તથા ડાહ્યાભાઈ દલપતભાઈ
શ્રી વડોદરા—વૈદ્ય મગનલાલ ચુનીલાલ સૂલતાનપુરું.
શ્રી વીરમગામ—માસ્તર રતનચંદ મુળચંદ
શ્રી અમદાવાદ—વકીલ મગનલાલ સરૂપચંદ રાજા મહેતાની પોળ
,, રા. રા. નથુભાઇ રતનચંદ. એંગ્લો વર્નાક્યુલર પ્રીન્ટીંગ પ્રેસ.
શ્રી જામનગર—વકીલ ચત્રભુજ ગોવીંદજી.
શ્રી અમરેલી—શા. વીરચંદ જીવાભાઇ.
શ્રી કપડવંજ—ઝવેરી. બાલાભાઇ ગીરધરલાલ.
શ્રી મહુવા—શા. ગાંડાલાલ આણંદજી.
શ્રી એડન—શા. સુંદરજી હરચંદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्म प्रकाश.

## JAIN DHARMA PRAKASH.

દોહરો.

ઘંટા નાદ વગાડતાં, ખરરર થાય આકાશ;
તેમ ભૂતળ ગર્જાવતું, પ્રગટ્યું જૈનપ્રકાશ. ૧

પુસ્તક ૬ ઠું શક ૧૮૧૨ કાર્તિક શુદિ ૧૫. સંવત ૧૯૪૬. અંક ૮મો.

श्री जैन धर्मो जयतितराम्.

## प्रश्नोत्तर.

### अनेक गुण संपन्न श्रीमन्महाराज श्री आत्मारामजी (आनंदविजयजी) ए बंगाळानी एशीयाटीक सोसैटीना सेक्रेटरी डाक्तर होर्नेलना प्रश्नोना आपेला उत्तरो.

મુનિરાજ મહારાજ શ્રી આત્મારામજીના શિષ્ય મુનિ હંસવિજયજી વિહાર કરતાં કરતાં શ્રી કલકત્તે પધારેલા ત્યાં ડાક્તર હોર્નલ તેમને રૂબરૂમાં મળેલા અને કેટલાએક પ્રશ્નો કરીને સંતોષકારક ખુલાસા મેળવેલા; ત્યાર પછી તેઓ વિહાર કરીને મુર્શિદાબાદ આવ્યા એટલે પાછળથી સદરહુ ડાક્તર હોર્નલે નીચે જણાવેલા ત્રણ પ્રશ્ન શ્રાવક વલ્લભજી હીરજી ઉપર ઉત્તર મેળવવા માટે મોકલેલા, તેણે શ્રી દીલ્લી મુનીરાજ મહારાજશ્રી આત્મારામજી

For Private And Personal Use Only

ઉપર મોકલ્યા તે પ્રશ્નો તથા મહારાજશ્રી એ લખી મોકલેલા તેના ઉત્તરો નીચે પ્રમાણે—

**પ્રશ્ન પહેલું**—શ્રી સ્થાનાંગ સૂત્રમાં દશ પ્રકારની સામાચારી લખીછે તેનો અર્થ શું છે?

**પ્રશ્ન બીજું**—એ દશ સમાચારી જૈનસાધુને વાસ્તે છે કે શ્રાવકને વાસ્તે છે?

**પ્રશ્ન ત્રીજું**—જો સાધુને વાસ્તે છે તો સાધુને मिच्छाकार એટલે મિથ્યા કરવું એવી બીજી સમાચારીમાં છુટછે તે શામાટે જોઈએ?

## ઉત્તર પહેલો.

સમાચારી અચ્છે વ્યવહારકા નામહૈ. સોદ શ પ્રકારકીહૈ,ઉનકા સ્વરૂપ ઐસા જાનના.

१ इच्छाकार—સાધુને અપનેસે છોટે સાધુસેં કુછ કામ કરાના હોવે તબ તિસ છોટે સાધુકોં ઐસે કહનાકિ તુમારી ઈચ્છા (મરજી) હોવે તો મેરા યહ કામ તુમ કર દેવો ક્યોંકિ મૈં યહકામ ઈસ સમયમેં કર નહીં શકતા હું પર મૈં તુમારેસેં જબરીસેં નહીં કામ કરવાતાહું. યહ વિનયવાન્ સાધુકી અપેક્ષા પ્રથમ સમાચારીહૈ.

२ मिच्छाकार—શાસ્ત્રાનુસાર સાધુ ચલતાહૈ અર્થાત્ અપના ક્રિયાકલાપ સાધતા હૈ તિસમે ભૂલસેં કોઇ કામ વિપર્યય હો જાવે તબ મિથ્યાકાર કરે અર્થાત્ યહ મૈને વિપર્યય કરા હૈ સોમેરા કરા પાપ નિષ્ફળ હોવે. તાત્પર્ય યહ હૈકિ ભૂલસેં અનુચિત કામ હોજાવે તબ પશ્ચાત્તાપ કરણા તિસકા નામ મિથ્યાકાર સમાચારી હૈ.

३ तथाकार—સૂત્ર પ્રશ્નાદિ ગુરૂસેં પુછા, જબ ગુરૂ ઉત્તર દેવે. તબ સુનકે કહનાકિ જો આપને કહા હૈ સો યથાર્થ તૈસીહી હૈ. તિસકા નામ તથાકાર હૈ. યહ સમાચારી સંપૂર્ણ ગુરૂકે ગુણ યુક્ત યથાર્થ વક્તા પુરૂષ કે સાથ હૈ.

४ आवास्सिया—સાધુકો વિના પ્રયોજન અપના ઉપાશ્રયસેં બાહિર નહી જાના જબ જરૂરકા કામ પડે તબ आवस्सही ઐસા [illegible] ઉચ્ચાર કરકે ઉપાશ્રયસેં બાહિર જાના તિસકા નામ આવસ્યકી સમાચારી હૈ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫ निस्सहिया—સાધુ અપના પ્રયોજન કરકે જબ ઉપાશ્રમેંય આવે તબ અપને પઠન પાઠના દિવ્યાપારસેં જો અન્ય વ્યાપાર કરનેકે વાસ્તે ઉપાશ્રયસેં બાહિર ગયાથા તિસ વ્યાપારકે નિષેધ અર્થાત્ સમાપ્તિ જનાનેકે વાસ્તે નિસ્સહિયા સમાચારી હૈ.

૬ आपुछणा—વિહાર ભૂમિ આદિમેં જાના હોવે તથા હરેક કોઈ કામ કરના હોવે તબ ગુરૂકોં પૂછકે કરના ઈસકો આપૃચ્છના સમાચારી કહેતે હૈ.

पडिपुच्छा—પ્રથમ કિસી કાર્ય કરનેકે વાસ્તે ગુરૂકોં પૂછા, ગુરૂને આજ્ઞા દીની તુમ યહ કાર્ય કરો પરંતુ તિસ કાર્યકે કરણ કાળમેં ફેર ગુરૂકોં પૂછકે કરના તિસકા નામ પ્રતિપૃચ્છા હૈ.

૮ छंदणा—સાધુ ભિક્ષા માંગકે લાયા હૈ તિસ આહારકે દેનેકિ દૂસરે સાધુયોકોં વિનતી કરની કે યહ આહાર આપ લીજીયે તિસકા નામ છંદણા હૈ.

૯ निमंतणा—ભોજન અપને પાસતો નહીં હૈ પરં અન્ય સાધુઓકોં કહેના 'આપ વાસ્તે મેં ભોજન લે આઉં' ઐસા કહેના ઉસકા નામ નિમંત્રણા હૈ.

૧૦ उवसंपया—દૂસરે આચાર્યાદિકે પાસ જ્ઞાન દર્શન ચારિત્રકી વૃદ્ધિકે વાસ્તે વા સીખનેકે વાસ્તે જાના તિસકોં કહના 'મૈં આપકાહી શિષ્ય હું' ઐસા કહના ઉસકા નામ ઉપસંપત્ સમાચારી હૈ.

## ઊત્તર બીજો.

યહ દસ પ્રકારકી સમાચારી મુખ્ય વૃત્તિસેં તો સાધુહીકી અપેક્ષા હૈ ઔર કિસી કિસી ધર્મ કૃત્ય કરતે હુએ કોઈ કોઈ સમાચારી શ્રાવકકોભી કરની કહી હૈ.

## ઊત્તર ત્રીજો.

સાધુને ભૂલકે કોઈ કાર્ય વિપર્યય કરા તિસમેં અપની ભૂલ જનાવે, ઇસ અપની ભૂલકો જનાને વાસ્તે મિથ્યાકાર કરનેકી રૂઢ હૈ. ઇન મિથ્યાકારકા અન્ય કોઈ અર્થ માનને નહીં સમજના. 'ઈત્યલમ્

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી વજ્રસ્વામીનું ચરિત્ર.

( સાંધણુ પૃષ્ટ ૧૧૨ થી.)

અહીં ઘરમાં સુનંદાએ નવ માસ પૂર્ણ થયે સરસી જેમ કમલને જન્મ આપે તેમ જનાનંદકારિ એક બાલકને જન્મ આપ્યો. તે સમયે સૂતિકાગૃહને વિષે જાગરણ કરવા રહેલી સુનંદાની સખીઓ બાળક પ્રત્યે કહેવા લાગી કે 'હે બાલ! જો તારા પિતાએ પ્રવ્રજ્યા અંગીકાર ન કરી હોત તો આજે તારો જન્મોત્સવ રૂડી રીતે કરત! જેમ અનેક તારાઓ છતાં આકાશ ચંદ્ર વિના સોભતું નથી તેમ સ્રીજનો ગૃહ વિષે છતાં પણ પુરૂષ વિના ઘર શોભતું નથી. સખીઓનો તે સંલાપ જ્ઞાનાવરણના લાઘવપણાથી તે સંજ્ઞાવાન બાળકે શ્રવણ કર્યો અને સમજ્યો. વિચારતા લાગ્યો કે મારા પિતાએ પ્રવ્રજ્યા ગ્રહણ કરી છે! એમ વિચારતા જાતિસ્મરણ જ્ઞાન થયું. જાતિસ્મરણ જ્ઞાનવડે સંસારની અસારતાને જાણી ક્ષીરકંઠ તે બાળક પિતાને માર્ગે પાંથ થવા ઉત્સુક થયો. અર્થાત્ સંસારથી વિરક્ત થવા ઊજમાલ થયો. મારી માતા મારાથી ઉદ્વેગ પામી શી રીતે મારો ત્યાગ કરે એમ વિચારી માતાના ઊત્સંગને વિષે રહ્યો છે તોપણ રાત્ર દિવસ રૂદન કરવા લાગ્યો. મધુર રાગે ગાયન કરવાથી, અનેક પ્રકારના હર્ષકારી રમકડાં દેખાડવાથી. હીંચોળામાં હીંચકાવવાથી, મીઠાં મીઠાં વચનો બોલવાથી, ખોળામાં બેસારી અનેક પ્રકારે ક્રીડા કરાવવાથી, સુખવાજિંત્રો વગાડવાથી, શિરનું ચુંબન કરવાથી અને બીજી અનેક ક્રિયાઓ કરવાથી પણ તે બાળક છાનો રહ્યો નહિ. એમ નિરંતર રૂદન કરતા છ માસ થયા એટલે સુનંદા પણ તે બાળકથી ખેદ પામી.

અન્યદા ધનગિરિ અને આર્યશમિત વિગેરે શિષ્યોના પરિવારે સંયુક્ત સિંહગિરિ આચાર્ય તે સન્નિવેશ પ્રત્યે આવ્યા. તે સમયે વસતિને વિષે રહેલા સિંહગિરિ ગુરૂ સમીપે ધનગિરિ અને આર્યશમિતે વંદન—નમસ્કાર કરી—વિજ્ઞપ્તિ કરી, 'હે સ્વામિન્! આ સન્નિવેશને વિષે અમારો સ્વજનવર્ગ રહે છે. કૃપા કરી આપ આજ્ઞા આપો તો અમે તેને વંદાવવાને જઇએ.' તેઓએ આજ્ઞા માગી તે સમયે જ્ઞાનોપયોગે શુભસૂચક શકુન જાણી ગુરૂ શ્રેષ્ટ સિંહગિરિ મહારાજ બોલ્યા. 'ભો મુની! આજે તમને મહાન્ લાભ થશે માટે તમે જાઓ અને મારી આજ્ઞા છે કે આજે તમને

For Private And Personal Use Only

સચિત્ત અથવા અચિત્ત જે મળે તે ગ્રહણ કરવું. પછી તે બંને મુનિઓ સુનંદાના ગૃહ પ્રત્યે ગયા. તેણીને બીજી સ્ત્રીઓએ દ્વાર સમીપ તેઓ આવ્યાનો વૃત્તાંત કહ્યો. વળી સર્વે સ્ત્રીઓ કહેવા લાગી કે 'હે સુનંદા! તું તારો પુત્ર ધનગિરિને અર્પણ કર! જોઇએ તો ખરા કે ક્યાં લઈ જાયછે.' તે સાંભળી બાળકથી ખેદ પામેલી સુનંદાએ પણ નિરાનંદપણે તે સ્તનપાન કરનાર બાળકને ગ્રહણ કરી ધનગિરિ પ્રત્યે કહેવા લાગી–'આટલા કાળ પર્યંત આ બાળકનું આત્માની જેમ મેં પાલન કર્યું. તેણે મને ભલે પ્રકારે નચાવી; એ રાત્ર દિવસ નિરંતર રૂદન કર્યા કરે છે; જો કે તમે પ્રવ્રજ્યા લીધેલી છે તો પણ આ તમારા પુત્રને તમેજ ગ્રહણ કરો; મારી જેમ એ બાળકનો પણ હવે ત્યાગ ન કરશો.' બોલવાને વિષે કુશળ એવા ધનગિરિ પણ તેના તેવા વચન શ્રવણ કરી હસીને બોલ્યા–'હે કલ્યાણિ! અમે તો એમ કરશું પરંતુ તને પશ્ચાતાપ થશે. સર્વથા એ પ્રમાણે ન કર અને જો એમજ કરવાને ઈચ્છે છે તો હે ભદ્રે! સર્વની સાક્ષિ પૂર્વક કર. પુનઃ એને તું પામીશ નહિ.' પછી એ પ્રમાણે કહ્યા છતાં પણ સુનંદાએ અન્યજનોને સાક્ષિ રાખી ખેદપૂર્વક તે બાળક ધનગિરિને અર્પણ કર્યો અને તેમણે ગ્રહણ કર્યો.

ધનગિરિએ તે બાળકને લઈ પાત્ર બંનેને વિષે ધારણ કર્યો. તે સમયે બન્ને મંત્ર કરી રાખેલો હોય તેમ તે બાળક રૂદન કરવાથી વિરામ પામ્યો. પછી જેણે બાળકને ગ્રહણ કર્યો છે અને જેઓ ગુરુની આજ્ઞાના પાલક છે એવા તે મુનિઓ સુનંદાના ઘરથી નીકળીને ગુરૂ સમીપે આવ્યા. મહાસારવંત પુત્ર રત્નના ભારવડે ધનગિરિને નમી ગયેલ બાહુ વાળો જોઈને ગુરૂપાદ બોલ્યા–'હે મહાભાગ! ભિક્ષાના ભારથી તું શ્રમિત થયેલ છો તેથી તે મને સમર્પણ કર અને તારા હસ્તને વિશ્રામ પમાડ.' પછી લક્ષ્મીનો પાત્રરૂપ અને કાંતિએ સુરકુમાર સદૃશ તે બાળકને યત્નવડે લઇને ધનગિરિએ ગુરૂને સમર્પણ કર્યો અને તેજવડે જાણે પ્રકાશનો અધિપતિ સૂર્ય હોય તેવા દેદીપ્યમાન તે બાળને આચાર્યવર્યે પોતાના બે હસ્તવડે ગ્રહણ કર્યો. તે બાળકના અત્યંત ભારથી તત્કાલ વારિગ્રહણ કરેલ અંજલિની જેમ સિંહગિરિ બેઠા હતા તે મહીતલ નમી ગયું. તેના ભારથી હાથને વળી ગયેલ જોઈ ગુરૂ વિસ્મય થઈ બોલ્યા 'અહો પુરૂષ રૂપને ધારણ કરનાર આ વજ્રસદૃશ બાળને ધારણ કરી શકાતો નથી. આ મહા

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુણ્યવંત પુરૂષ આ પ્રવચનાધાર થશે માટે તેનું યત્નવડે રક્ષણ કરવું કારણ કે રત્ન આપણે કરીને વલ્લભ હોય છે.' એ પ્રમાણે બોલી ગુરૂએ તે બાળક પાલન કરવા માટે સાધ્વીને સોંપ્યો. તેણીએ વજ્ર સરખા બળવાન તે બાળનું વજ્ર એવું નામ આપ્યું.

પછી સાધવીએ ભક્તિવંત શય્યાતર કુળને વિષે જઈ તે બાળકને પોતાના જીવની જેમ રાખવાનું કહી પાલન કરવાને સોંપ્યો. કુમારને ઊછેરવાને વિષે કુશળ એવી શય્યાતરીઓએ પણ તે બાળકને પોતાના પુત્રથી અધિક પ્રીતિવડે જોતી પાળવા લાગી. પછી શૌભાગ્યના ભંડારનો સ્થાનરૂપ તે બાળક હંસ જેમ એક કમળથી બીજા કમલ ઉપર ફરી રમ્યા કરે તેમ–શય્યાતર સ્ત્રીઓના ખોળામાં રમવા લાગ્યો. તેઓ પણ મંદમંદ ઊલ્લાસ પૂર્વક તે બાળકને રમાડતી હર્ષવાત્સલતાને પામી. એમ સ્નાન પાન અને ભોજનવડે એક બીજાની સ્પર્ધા કરતી મહા ભાગ્યશાળી શય્યાતરીઓ વજ્રનો સત્કાર કરવા લાગી. વયે બાળ અને પરીણામે વૃદ્ધ સરખો વજ્ર પણ સંયમથી તેણીને અસુખ ઉત્પન્ન થાય એવું કાંઇ બાળ ચાપલ કરતો નહિ. જાતિસ્મરણ જ્ઞાની વિવેકવાળો અને કલ્પવિદ્ તે પ્રાણ યાત્રાને માટેજ પ્રાસુક ભોજન ખાતો. જ્યારે જ્યારે નીહારાદિ કરવાની શંકા થાય ત્યારે તે પાલન કરનારી સ્ત્રીઓ પ્રત્યે પ્રથમથી સંજ્ઞા કરતો. શય્યાતર કુમારોની ઉપર પ્રીતિ દર્શાવતો તે જન્મભૂમિની જેમ તેઓને પ્રિય થઈ પડ્યો. ઉપાશ્રયે જાયતો જ્ઞાનોપકરણ લઈને બાલ ક્રીડા કરતો તેથી સાધ્વીને પણ નિરંતર આનંદ પમાડતો. એ પ્રમાણે સુરૂપ અને શીળશાલિ વજ્રને જોઈ સુનંદાએ 'આ મારો પુત્ર છે' એમ કહી શય્યાતરીઓ પાસે તે બાળક માંગ્યો. તેઓએ કહ્યું 'તારો આ બાળકની સાથે જનની પુત્રનો સંબંધ અમે જાણતા નથી. અમારે ત્યાં તો એ ગુરૂની થાપણ છે.' એમ કહી તેઓએ તેને તે બાળક આપ્યો નહિ એટલે તે દૂરથીજ પર દ્રવ્યવત્ વજ્રને આનંદથી જોવા લાગી. પછી મહત્ ઉપરોધે તેઓના ઘરને વિષે જઈ ધાત્રીની જેમ સ્તન્યપાનાદિએ તે બાળકનું લાલનપાલન કરવા લાગી.

એવી રીતે લાલન પાલન કરાતો વજ્ર અનુક્રમે ત્રણ વર્ષનો થયો તે વારે અન્યસ્થાને વિહાર કરી ગયેલા ધનગિરિ વિગેરે સાધુઓ ત્યાં આવ્યા. તે સમયે ધનગિરિ આવશે ત્યારે મારા પુત્રને તેમની પાસેથી લઈશ એમ વિચારતી સુનંદા તેઓના આગમનથી આનંદ પામી. પછી તેમની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાસે જઈને સુનંદાએ પોતાના પુત્રની યાચના કરી પણ તેઓએ આપ્યો નહિ અને આ પ્રમાણે કહ્યું-'હે મુગ્ધે! અમે નહિ માગ્યા છતાં તેં આ બાળકને અમને આપ્યો છે તો હવે તું શામાટે પાછો માગે છે? કારણ કે વાંત અન્નની જેમ આપેલું પાછું લેવાને કોઈ ઈચ્છતું નથી. વેચાણ કરેલી વસ્તુની જેમ આપેલી વસ્તુ ઉપરથી પણ આપનારનું સ્વામિત્વ જાય છે માટે પરસ્વાધિન કરેલા આ બાળકને હવે તું પાછો ન માગ.'

એ પ્રમાણે બંને પક્ષને વિવાદ કરતા જોઈ લોકો બોલ્યા 'આ તકરારનો નિવેડો રાજા લાવશે.' એટલે લોકોએ સહીત સુનંદા અને સંઘે સહીત સાધુઓ રાજ સભાને વિષે ગયા ત્યાં સુનંદા રાજાને વામ પાસે બેઠી અને દક્ષિણ પાસે શ્રીમાન્ સંઘ બેઠો અને બીજા લોકો પણ યથાસ્થાને બેઠા. ત્યાં બંને પક્ષનો સંવાદ સાંભળી વિચાર કરી ભૂપતિ બોલ્યો- 'આ બાળક જેના બોલાવ્યાથી તેની પાસે જાય તેને તે સોંપવામાં આવશે.' આ ઠરાવ બંને પક્ષે કબુલ કર્યો એટલે પ્રથમ બાળકને કોણ બોલાવે એ તકરાર ઉઠ્યો. સ્ત્રી દુષ્કરકારિણી છે તેથી સર્વને અનુકંપ્ય થાય છે. તેથી સુનંદા ઉપર અનુકંપા ધારણ કરનાર લોકો બોલ્યા 'આ બાળક સાધુઓની સાથે ઘણા કાળના સંગમથી પ્રેમવાળો છે તેથી તેનું વચન ઉલ્લંઘન કરે નહિ માટે પ્રથમ સુનંદા તેને બોલાવે.' આ વાત સર્વેએ પસંદ કરી; એટલે સુનંદા નાના પ્રકારના રમકડાં, વિવિધ જાતિના ભોજન પદાર્થો વિગેરે દેખાડતી આ પ્રમાણે બોલી-

રે બાળક! આ હસ્તિ, આ અશ્વ, આ પાળાઓ, આ રથો એ સર્વ તારે રમવાને માટે આણેલાછે માટે તું આવ અને એ ગ્રહણ કર. રે દારક! મોદક, મણ્ડક, દ્રાક્ષ, શર્કરા વિગેરે જે જે વસ્તુની તારે ઈચ્છા હોય તે મારી પાસે છે માટે તું આવ અને એ ગ્રહણ કર. રે આયુષ્મન્ તને જન્મ આપવાને વિષે હું સર્વાંગ કૃષ થયેલ છું માટે તું ચિરંજીવ, ઘણાં કાળ પર્યંત આનંદ પામ, અને જલદી આવીને સુનંદાને આનંદ પમાડ! મારો દેવ, મારો પુત્ર, મારો આત્મા, અને મારૂં જીવિત તુંજ છો, માટે દીન થયેલી મને આલિંગન કરી જીવિતવ્ય આપ! હે વત્સ! આ સર્વે લોકોને જોતાં મને તુ વિલખી ન કરીશ નહિ તો મારૂં હૃદય પકવ ફળની જેમ દ્વિધા થશે. માટે રે હંસ સદૃશ ગતિવાળા! હે વત્સ! તું આવ અને મારા ઉત્સંગને શોભાવ! શું તને કુક્ષિને વિષે ધારણ કરવાનું એટલું પણ અવ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાય મને નહિ મળે!' એ પ્રમાણેના રમકડા, ભોજ્ય પદાર્થો અને મીઠી વાણિથી પણ તે બાળક સૂનંદાની તરફ-ગયો નહિ-લેશ માત્ર ખસ્યો નહિ.

માતાના ઉપકારનો કોઈ પુરૂષ કોઈ પણ રીતે અનૃણી થઈ સકતો નથી એમ જાણતો વિચક્ષણ વજ્ર આ પ્રમાણે મનમાં વિચારવા લાગ્યો-'જો હું માતા ઉપર કૃપા લાવી સંઘની ઉપેક્ષા કરીશ તો નિશ્ચયે મારો દીર્ઘતર સંસાર થશે. આ મારી માતા ધન્ય છે. અલ્પ કર્મવાળી તે દિક્ષા અંગીકાર કરશે. એની ઉપેક્ષા કરવી એ સહજ માત્રનું દુ:ખ છે.' એ પ્રમાણે વિચારી દીર્ઘદર્શી વજ્ર વજ્રની જેમ દ્રઢાશયવાળો થઈ પ્રતિમાની જેમ તે સ્થાનકથી જરા પણ ચાલ્યો નહિ. તે સમયે રાજા બોલ્યો-'હે સુનંદા! તું ખસી જા. જાણે તને માતા તરીકે જાણતો-ઓળખતો-જ ન હોય તેમ તારા બોલાવ્યાથી એ તારી પાસે આવ્યો નહિ.

પછી રાજાએ પ્રેરેલ ધનગિરિ અવસર પામી રજોહરણ ઉંચો કરી-આગળ ધરી-થોડા શબ્દ બોલ્યા-'રે અનઘ! જો વ્રતને વિષે તારો વ્યવસાય હોય-જો તું સ્વયંતત્વજ્ઞ હો-તો તું આ રજોહરણ-ધર્મ ધ્વજ-અંગીકાર કર.'

( અપૂર્ણ. )

# चरचापत्रनो उत्तर.

શ્રી સુરતનિવાસી શા. તીલકચંદ તારાચંદ વૈદના તરફથી કેટલાએક પ્રશ્નો એક ચરચાપત્ર સાથે લખાઈને આવેલા તેના ઊત્તરો મુનિરાજ મહારાજશ્રી આત્મારામજીની સંમતિને અનુસારે આ નીચે દાખલ કર્યાછે. ચરચાપત્ર તથા પ્રશ્નો સ્થળ સંકોચના કારણથી દાખલ કરેલ નથી.

## ઊત્તર.

૧ શ્રી આચારદિનકર નામે શ્રી વદ્ધમાનસૂરીનો કરેલો ગ્રંથછે તેમાં ગર્ભથી માંડીને મરણ પર્યંત સોળ સંસ્કાર લખેલાછે તેમાં વિવાહની વિધીમાં લખેછે કે કન્યાના ઘરમાં अष्टमातृની સ્થાપના તથા પૂજા અને વરના ઘરમાં सप्तकुलगरની સ્થાપના તથા પૂજા, ગણપતિ પૂજાને બદલે કરાવવી. આ સબંધની વિશેષ વિધિથી સદરહુ ગ્રંથમાં જોઈ લેવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દરેક શુભાશુભ પ્રસંગમાં ક્રિયા કરાવનાર દૃઢ જૈનધર્મી તથા પરમાર્થે જાણનાર શુદ્ધ શ્રદ્ધાવાન બ્રાહ્મણ હોવો જોઈએ એ રીતે આચારદિનકરમાં લખેલ છે.

જૈન મતમાં તો ઉપર પ્રમાણેના બ્રાહ્મણો અસલથી ક્રિયા કરાવનારછે અને આજ કાલ જે કરાવેછે તેને મૂળમાં તો જ્યારે પૂર્વાચાર્યોએ શ્રાવકોના શ્રીમાળી, ઓસવાળ વિગેરે ગોત્રો બાંધ્યા ત્યારેજ પૂર્વોકત ગુણવાળા બ્રાહ્મણોનું તેવાજ નામથી તેમના ગોર (ગુરૂ) તરીકે સ્થાપન કરેલું પણ પાછળથી વાણીઆઓ ઢીલા પડી ગયા એટલે તેઓ સ્વતંત્ર થઈ જવાથી મરજી માફક વર્ત્તવા લાગ્યા અને સ્વેચ્છા મુજબ ક્રિયાઓ કરાવવા લાગ્યા. હજુ પણ અમારા સાંભળવામાં આવ્યુંછે કે સર્વ ક્રિયા કરાવનાર શુદ્ધ શ્રદ્ધાવાળા જૈની બ્રાહ્મણો અદ્યાપિ કર્ણાટક દેશમાં છે.

૨ મરણ પ્રસંગે સુખડ તથા શ્રીફળ સંયુક્ત દહન કરવા સંબંધી હકીકત કોઈ જૈન શાસ્ત્રોમાં નથી પરંતુ આચારદિનકર ગ્રંથમાં 'મૃતકને અગ્નિ સંસ્કાર કરવો' એમ લખ્યુંછે.

૩ મરણ પ્રસંગે રડવા કુટવાનો જે રીવાજ ચાલેછે તે ફકત દેશ રૂઢીછે. શાસ્ત્રોકત નથી. અને એ બંધ કરવાતું તો ગ્રહસ્થ વર્ગના હાથમાંછે. સઘળા એકત્ર થઈને જેમ ધારે તેમ કરી શકે.

૪ મરણ પ્રસંગે દાહાડો, વરસી, શ્રાદ્ધ તથા વાસ્તુ વિગેરે ક્રિયાઓ થાયછે તે શાસ્ત્રોકત નથી ફકત લોક રૂઢીછે તેમાં પણ જે કોઇ ધર્મ જાણીને જમાડે તેને દૂષણ લાગે. બ્રાહ્મણ આદિ કોઇની પણ આજીવીકા બંધ કરાવવી એ જૈનમતનો ઉપદેશ નથી પરંતુ મોક્ષ અર્થે ધર્મ બુદ્ધિ એ તેમજ ગુરૂ બુદ્ધિથી દાન દેવાની મનાઈછે કિંતુ અનુકંપાએ કરીને બ્રાહ્મણને તો શું પણ રસ્તામાં ચાલ્યા જનાર ભિક્ષુકને પણ જમાડવાની મનાઈ નથી.

૫ જ્ઞાતિભેદ વિષે 'જૈનધર્મ વિષયીક પ્રશ્નોત્તર' નામના ગ્રંથમાં ૨૩ મા પૃષ્ટ ઉપર જોઈ લેવું. અને લોકમાં જે જ્ઞાતિ, વિરૂદ્ધ તેમજ નીચ ગણાતી હોય તેનું ખાઈ લે તેને માટે તેમજ ફરીને તે માણસને જ્ઞાતિમાં લેવો હોય તો તેને માટે જે ક્રિયા કરાવવી જોઈએ તે શ્રી **હેમચંદ્રાચાર્ય** કૃત अर्हन्नीति નામે ગ્રંથમાં લખેલછે ત્યાંથી જોઈ લેવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૬ જૈન શાસ્ત્ર પ્રમાણે જ્યાં જવાથી પોતાનો ધર્મ ભ્રષ્ટ થઈ જાય તેવે સ્થાનકે ન જવું. અને કદિ કોઈ ગયો હોય પરંતુ ધર્મ વિરૂદ્ધ કોઈ કૃત્ય તથા આચરણ ન કર્યું હોયતો તેને કોઈ જાતનો દંડ દેવાની જરૂર જણાતી નથી તેમજ તેની સાથે જમવા જમાડવામાં કાંઈ પણ પ્રાયશ્ચિત નથી. શિવાય દેશ રીવાજ તથા જ્ઞાતિ રીવાજ જે દેશમાં જે પ્રમાણે પ્રવર્ત્તમાન હોય તેને અનુસારે વર્ત્તવું ઠીકછે.

૭ દ્વિપાંતર જનારને માટે ધર્મ વિરૂદ્ધ આચરણ ન કરેતો શાસ્ત્રમાં તો કાંઈ બાધક બતાવ્યો નથી. શ્રીપાળ રાંજાએ દેશાટન કર્યું અને જુદી જુદી જ્ઞાતિની કન્યાઓ પરણી લાવ્યા તે સબંધમાંતો તે વખત હાલની જેવો જ્ઞાતિભેદ, જ્ઞાતિબંધન તથા દેશ રીવાજ નહોય તો એમ સમજવું.

---

# जयणा.

પંચ મહાવ્રતધારી મુનિમહારાજાઓ જેને નિરંતર યાદ કરે છે, બાર વ્રતધારી શ્રાવકો પણ જેતું રટન કર્યા કરે છે અને સમ્યક્દૃષ્ટિઓના હૃદયમાંતો જેનો વાસજ છે એવી અને પુણ્યોદય વડેજ જેની પ્રાપ્તિ છે એવી **जयणा**ને માટે શાસ્ત્રકાર નીચે પ્રમાણે કહે છે—

जयणाय धम्मजणणी जयणा धम्मस्स पालणी चेव ।
तववुड्ढीकरी जयणा एगं तसुहावहा जयणा ॥

**ભાવાર્થ—**જયણા ધર્મની માતાછે, જયણા ધર્મનું પાળન કરનારીછે, તપની વૃદ્ધિ કરનારી જયણાછે અને એકાંત સુખને આપનારી પણ જયણાજછે.

શાસ્ત્રકાર જેને માટે આટલી બધી પ્રશંસા કરેછે તેના ગુણ સબંધી વિચાર કરીએ તો તે વાસ્તવીકજછે. કારણ કે દરેક ધર્માચરણમાં જયણાની મુખ્યતાજછે. તેમાં પણ ધર્મનું મૂળ જે દયા તેની તો એ મોટી બહેન જેવીછે. કેમકે જે પ્રાણીના હૃદયમાં દયા એ પરિપૂર્ણપણે વાસ કરેલો હોય છે તેજ જયણાને વિષે પ્રવર્ત્તેછે. મુનિ મહારાજને પોતાના વ્રતસાધનની અંદર જયણાની મુખ્ય કરીને જરૂરછે. બેસતાં, ઉઠતાં, ચાલતાં, ઊભા રહેતાં, વાત કરતાં, આહાર પાણી વહોરતાં, ગોચરી કરતાં, સંથારે શયન કરતાં અને છેવટ નીદ્રામાં પણ મુનિમહારાજા તેનેજ યાદ કરેછે અને તેના મદદથીજ પોતાના આદ્યમહાવ્રતને સાચવી રાખેછે. જે અંતર મુહૂર્ત્ત પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેને યાદ ન કરે તો અવસ્ય વ્રત ભંગનું અથવા તો અતિચાર દોષ લાગવાનું કારણ બનેછે. દરેક સ્થાનકે પ્રમાર્જના કરીને બેસવું, ઉઠવું અને શયન કરવું, એ જયણાનોજ પ્રકારછે, બોલતાં મુખપાસે મુખવસ્ત્રીકા રાખીનેજ બોલવું એ પણ જયણાનો પ્રકારછે અને વસ્ત્રાદિ પ્રતિલેખના કરીનેજ ઉપયોગમાં લેવા મુકવા એ પણ જયણાનોજ પ્રકારછે. જીવદયાનું ખરી રીતેનું પારપાળન એ વડેજ થાય છે.

હવે વ્રતધારી તેમજ સમ્યક્દષ્ટી શ્રાવકોના સબંધમાં વિચાર કરીએ તો તેને તો જયણાની બહુજ જરૂરછે કેમકે આઠે પહોર અનેક પ્રકારના આરંભના કાર્યમાં પ્રવર્તતાં જો દયાની બુદ્ધિ હોયતો જયણા કરવાની જરૂર પડેછે જેના મનમાં દયાનો વાસછે અને હિંસાનો ત્રાસછે તે જયણા રહીત કોઈ પણ કાર્ય કરી શકતો નથી. અનાજ વિગેરે વ્યાપારમાં તેમજ પ્રવાહી પદાર્થના અને મિષ્ટતાવાળા ગોળ, ખાંડ; સાકર અને પકવાનાદિકના વ્યાપારમાં પણ દયાયુક્ત દ્રષ્ટિએ જોઈએ તો પ્રાયે જીવ દયા પળી શકાતીજ નથી તો પણ નિરૂપાયવડે એવા વ્યાપારમાં આવી પડેલ શ્રાવક, બની શકે તેટલી જયણા રાખીને જીવદયાને આગળ કરેછે અને અનાયાસે થતી હિંસાને જોઈને તેનું હૃદય કમકમેછે. પણ જેના હૃદયમાં દયાનો વાસ નથી અને જયણાની જેને સ્મૃતિ પણ નથી તે નિર્દયપણે પોતાનું કાર્ય કરેછે અને દ્રઢ કર્મ બંધકરી દુર્ગતીગામી થાયછે. જેનું હૃદય જયણા પાળવામાંજ તત્પરછે તેનાથી પણ જો કે પૂર્વોક્ત વ્યાપારોમાં હિંસા થઇ જાય છે ખરી તો પણ તેનું મન આર્દ્ર હોવાથી અને બનીશકતી રીતે જયણા કરતો હોવાથી તેમજ થતી હીંસાને માટે તેના દીલમાં ત્રાસ હોવાથી તે બહુજ શિથિલ કર્મ બંધ કરેછે.

જયણાની વિશેષ જરૂર જોઈએ તો ગ્રહસ્થીને ગ્રહ વ્યાપારની અંદરછે. ઘરમાં જયણા પાળવાની જરૂર સ્થાને સ્થાને અને વખતે વખતે છે. તેમાં જો જયણા પળતી નથી તો અનેક જીવોની ઉત્પત્તિ અને નાશ થઇ જાયછે. વિચારો કે પ્રથમ પાણી ગળવાની અંદર વસ્ત્રનો ઉપયોગ હોતો નથી અને જો છીદ્રવાળું હોયછે તો અનેક બેઇંદ્રી જીવો પીવાના પાણીમાં આવી જાયછે, પાણી પીવાના પાત્રો સંબંધી ઉપયોગ હોતો નથી અને મોઢે લગાડેલાજ પાત્રો વારંવાર પાણીમાં બોળાયા કરેછે તો અનેક સમુર્છીમ જીવો ઊપજેછે અને તેનો નાશ થાયછે, દીપક કરવાના કોડીઆ સબંધી ઉપયોગ હોતો નથી અને જો તે બહારથી તેલ વાળું થયેલું હોય છે તો

અનેક ત્રસ જીવો ઊડી ઊડીને તેને ચોટેછે અને મૃત્યુ પામેછે, તેની ઊપર જો દીવા ઢાંકણું નિરંતર ઢાંકી રાખેલુંજ હોતું નથી તો દીવો કરેલો હોય ત્યારે અને તેવિના પણ અનેક પતંગીઆદિક જીવો તેમાં ઝંપાપાત ખાઈને પ્રાણ ત્યાગ કરે છે, રસોઈ કરવાના ચુલા સંબંધી ઉગયોગ હોતો નથી અને પ્રમાર્જનાદિક કર્યા વિનાજ રસોઈ કરવાની શરૂઆત કરી દેય છે તો રાતીએ નિવાસ કરી રહેલા અનેક જીવોનો નાશ થાય છે. અનાજનું યથાર્થ પ્રકારે સંશોધન કરીને તેને રાંધવામાં આવતું નથી તો, તેમાં અનેક ત્રસ જીવોનો નાશ થાય છે અને તે પાછા પોતાનાજ ભક્ષણમાં આવે છે, ઘી. તેલ વિગેરે પ્રવાહી પદાર્થોના ભાજન ઉઘાડા રાખવામાં આવે છે તો અનેક જીવો તેમાં પડીને પોતાના પ્રાણનો નાશ કરે છે, ગોળ વિગેરે ચીકાશદાર, પદાર્થોમાં ચોટી જઈને પ્રાણ રહીત થાય છે અને કેટલાએક બીજા પદાર્થો અણુઘટતી રીતે ભેળવવાથી તેમાં પણ અનેક જીવોનો નાશ થાય છે અને પછી તેની કિંમતની મુર્છાને લીધે તેનો ત્યાગ કરી શકાતો નથી પણ પોતાના ભક્ષણમાં લેવાય છે. કદાપિ ત્યાગ કરે તો તેથી કાંઈ થયેલો જીવનો નાશ દૂર થતો નથી. આ પ્રમાણે ઘરના સંબંધમાં લખવા બેસીએ તો બેસુમાર કારણો એવા મળી આવે છે કે જેમાં જયણા ન રાખવાથી અનેક ત્રસ અને સમુર્છિમ જીવોની ઉત્પત્તિ અને નાશ થાય છે. પરંતુ તેની તમામ બાબતો સૌની દ્રષ્ટીએ વારંવાર પડતી હોવાથી તે સંબંધી વિસ્તાર કરવાની કાંઈ પણ જરૂર જણાતી નથી હવે આ બધી બાબતોમાં જયણા રાખીને જીવ હિંસા થવા ન દેવી એ કામ મુખ્યત્વે કરીને સ્ત્રી વર્ગનુંજ છે. તો દયાર્દ્ર ચિત્તવાળા શ્રાવકે દરેક કાર્યમાં જયણાની જરૂર સ્ત્રીવર્ગને સમજાવવી જોઈએ. જ્યાંસુધી જેના ઘરમાં જયણા પળાતી નથી ત્યાંસુધી તેના ઘરને સુજ્ઞ શ્રાવક કદી પણ શ્રાવકનું ઘર કહેશે નહીં.

સ્ત્રીઓ તો બીચારી જ્ઞાનાભ્યાસથી બહોળતાએ કરીને વિમુખ હોય છે તેથી પુરૂષ વર્ગે આ વિષય વાંચીને લખવાની સાર્થકતા થવા માટે સ્ત્રી વર્ગને અવશ્ય વાંચી સંભળાવવો અને ગૃહની અંદર જયણાનું પ્રવર્તન કરાવવું. જયણાથીજ દયા, દયા વડેજ ધર્મ અને ધર્મથીજ આ દુઃખરૂપ સંસારથી મુક્ત થાય તેમ છે માટે દરેક જૈન બંધુઓએ ગ્રહમાં, વ્યાપારમાં તેમજ ધર્મ કાર્યમાં પણ જયણાનેજ આગળ કરવી જેથી અનુક્રમે મોક્ષ સુખની પ્રાપ્તિ થઈ શકે.

તથાસ્તુ.

# ભાવનગરમાં ઉદ્યાપનનો મહોત્સવ.

ગયા આસો માસમાં ભાવનગરમાં ઉજમણાનો મહોત્સવ થયો હતો એ મહોત્સવ અત્રેના રહેનાર શા આણંદજી પુરૂષોત્તમ તરફથી કરવામાં આવ્યો હતો. મહોત્સવને માટે મારવાડીના વંડાના નામથી ઓળખાતી જગ્યા. જ્યાં મુનિમહારાજા ઉતરે છે તે પસંદ કરવામાં આવી હતી અને તેને માટે સંઘની આજ્ઞા લેઈ વીશ દિવસ અગાઉથી મંડપ વિગેરેની શરૂઆત કરવામાં આવી હતી એ જગ્યાની વચ્ચે મોટો ચોક છે, ફરતી ઓસરી છે. અને ઓસરી ઉપર ફરતી મેડી છે. મધ્યના ચોકમાં ત્રીશ ગજની લંબાઈ અને બાર ગજની પહોળાઈએ મંડપ નાંખવામાં આવ્યો હતો. એ ચોકનો ભાગ જે ઓસરીથી નીચો હતો ત્યાં ઇંટોના પીલર ચણી તે ઉપર મજબુતી પાટીઆં નાંખી ફરતી ઓશરીની બરાબર ઉંચાઈએ સરખો કરી લીધો હતો. મંડપની આગલી બાજુએ મજબુતી પાટીઆથી ત્રણ કમાનો કરવામાં આવી હતી તેવીજ રીતે મધ્યે ત્રણ કમાન નાંખી મંડપના બે ભાગ કરવામાં આવ્યા હતા. આ સઘળી કમાનો ડાકનાજીરાથી કરવામાં આવી હતી તેથી તે ઘણીજ શોભા આપતી હતી.

ફરતી ઓશરી જેનો ઘેરાવ સવાસો ગજને સુમારે છે તેમાં ફરતા છોડ બાંધવાને માટે ત્રણ ત્રણ પગથીઆં ચણી તે ઉપર સલંગ મજબુતી પાટીઆં નાખ્યાં હતાં: અને એ સર્વે ભાગ સુંદર ગુલાબી જટ્ટાથી ઢાંકી દીધો હતો. એ ઓશરી ઉપરના થાંભલાઓની વચ્ચે સોનેરી ગીલટદાર કાગલોથી પચીશ સત્તાવીશ કમાનો કરી હતી. એ શિવાય મકાનને મુખ્ય દ્વારે એક તથા ચાલમાં એક એમ બે બાજી સુશોભિત કમાન કરી હતી.

મંડપની અંદરનો ભાગ જે સમચોરસ હતો તેની અંદર મધ્યે મુંબઈથી શ્રીશાંતિનાથજીને દેહેરેથી મંગાવેલું મોતીની જાળીઓવાળું પાંચ ચૌમુખ પધરાવી શકાય તેવું સમવસરણ પધરાવ્યું હતું. તેમાં મધ્યના પબાસણ ઉપર ચતુર્મુખ પ્રતિમાનું સ્થાપન કરવામાં આવ્યું હતું. એ મંડપમાં ચીનીખાનાની શોભા ઘણી સરસ કરવામાં આવી હતી. ફરતા સફેત કાચ બાંધવામાં આવ્યા હતા. વચ્ચે મ્હોટા ૧૪ ઝુમરો, દોઢશોને આશરે હાંડીઓ, અને પચાશ વાલસટ જોટાઓ નાંખ્યા હતા. આ શિવાય સમવસરણમાં પણ સો દોઢશો છુટા દીવા મુક્યા હતા, આથી રાત્રિ સમયે તો આ મંડપ ઈંદ્રભૂવનનું સ્મરણ કરાવતો.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહોત્સવની શરૂઆત આશ્વીન સુદ ૯ થી કરવામાં આવી હતી તે દિવસે ઉદ્યાપનમાં સ્થાપન કરવાની વસ્તુઓ લઈને ફરવાનો વરઘોડો હતો; વરઘોડાની શોભા ઉત્તમ હતી તે સાથે છોડની છાબોએ શોભામાં જૂદા પ્રકારની વૃદ્ધિ કરી હતી. આશરે (૯૫) છોડ થયા હતા. જેમાંના નવ તેઓના ઘરના, બાર તેમની પુત્રીઓના, તથા બાકીના તેઓના કુટુંબી તથા સંઘના બીજા ગ્રહસ્થોના હતા.

બીજે દિવસે એટલે વિજય દશમીને દિવસે પ્રાતઃકાળમાં છોડ બાંધવાનું તથા સમવસરણમાં પ્રભુ પધરાવવાનું નિર્ણય મુહૂર્ત હતું. પ્રાતઃકાળથી સુંદર વસ્ત્રો પહેરી–છોડનો સામાન લઈ સ્ત્રી પુરૂષોનું આવાગમન, નોબતના અવાજ, સુરતથી મંગાવેલ ઇંગ્રેજી વાજાના સુંદર ગાયનો, અને બીજી નાના પ્રકારની રચનાથી તે સમયે તે મકાન પરિપૂર્ણ હતું. સર્વે છોડ એવી સારી રીતે ગોઠવાયા હતા કે જાણે છોડના પ્રમાણમાંજ મકાન નવું બાંધ્યું હોય તેવી અજાણ્યા માણસને શંકા થતી હતી. પૂર્વ તરફની ઓશરીના મધ્યમાં તેમના સાત છોડ જે સુરત મધ્યે ભરાવ્યા હતા તે બાંધ્યા હતા અને તેની આશપાસ તેમના કુટુંબી વર્ગનાજ સર્વે છોડ બાંધ્યા હતા. સામી બાજુએ, અને પાછળની બાજુએ બીજા સર્વે છોડ બંધાયા હતા. છોડ બાંધ્યાનંતર જ્યારે સર્વે વસ્તુઓ ગોઠવાઈ ગઈ ત્યારે અક જૂદાજ પ્રકારની શોભા થઈ હતી. અન્ય દર્શનીઓ જોઈને જાણે એક પ્રદર્શન હોય એવું અનુમાન કરતા. સ્વધર્મીઓ—ભવ્ય જીવો–સ્થાપન કરેલા જ્ઞાન, દર્શન અને ચારિત્રના ઉપકરણો જોઈ આનંદ પામી અનુમોદન કરતા હતા. જેમ કોઈ રાજા શૂન્ય નગરમાં ભૂપતિને પટ્ટાભિષેક થાય ને આનંદ વર્ત્તે તેમ મંડપની મધ્યમાં સ્થાપન કરેલા સમવસરણમાં પ્રભુ પધરાવ્યા પછી લોકો હર્ષભેર દર્શન કરી આલ્હાદ પામતા હતા.

અઠ્ઠાઈ મહોત્સવની શરૂઆત પણ તેજ દિવસથી કરવામાં આવી હતી. પ્રથમ દિવસે સત્તરભેદી પૂજા ભણાવવામાં આવી હતી. ત્યાર પછી હમેશાં બીજી જૂદા જૂદા પ્રકારની પૂજા ભણાતી. પૂજામાં પણ ઘણીજ ઠાઠ આવતો. સાંજ સુધી મનુષ્યોની ઠઠ રહેતી. હારમોનિયમ્ વિગેરે જૂદા જૂદા પ્રકારના વાજિત્રોના સાજ મેળવી ગાયન થતાં અને તેથી સર્વે શ્રવણ કરનાર મનુષ્ય તેમાં લીન થઈ ત્યાંથી જવાને ઉત્કંઠીત થતા નહિ. એમ દિન દિન પરત્વે શોભામાં વૃદ્ધિ થયા કરતી. રાત્રે રોશની થયા પછી દર્શન કરવાની ઠઠ થતી તે સાથે જોવા આવનાર અન્ય દર્શનીઓની એટલી ભીડ થતી કે જગ્યા વિશાળ છતાં મુસ્કેલીએ અંદર જવાતું કે બહાર નીકળાતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે જોઈ એવું અનુમાન બંધાતું કે શહેરનો કોઈ માણસ આ રચના જોયા વિના રહ્યો નહિ હોય. રાજ્યાધિકારી પુરૂષો પણ આ ભવ્ય રચના જોવાને આવ્યા હતા. પૂર્ણિમાને દિવસે ખૂદ ભાવનગરના મહારાજા સાહેબ, દિવાન સાહેબ અને બીજા રાજ્ય પુરૂષો આ અલૌકિક રચના જોવા પધાર્યા હતા અને તેઓ જોઈને અત્યંત ખુશી થતા હતા એવું તેમના વચનથી અને મુખમુદ્રાથી સાથેના મનુષ્યો અનુમાન કરતા. ફરતા છોડ પાસે ફરી માં મહારાજા શ્રી પધારીને જે—મંડપના મધ્ય ભાગમાં આવી દશ મિનિટ તેઓ સાહેબ પ્રભુ સન્મુખ બેઠા હતા. અને પ્રાંતે ઘણુંજ આનંદ સાથે વિદાય થયા હતા અને તે આનંદના બદલામાં બીજે દિવસે જલયાત્રાના વરઘોડામાં કેટલીએક વસ્તુઓ જે બીજા વરઘોડામાં ન મળતી તેને માટે હુકમ કર્યો હતો.

વદ ૧ ને દિવસે જળયાત્રાનો મ્હોટો વરઘોડો હતો. આ વરઘોડાની શોભા અપૂર્વ હતી. તેનું વર્ણન લખતા એક હુંશિયાર લેખકની કલમ પણ થાકયા શિવાક ન રહે. દેશી પરદેશી માણસોની ઠઠ પુષ્કળ હતી. આગળ દરબારી ડંકો અને નિશાન ચાલતા, તે પાછળ (૧૬) બારીગર સ્વારો, તે પાછળ (૨૫) સીકંદરી સ્વારો તેઓના ડંકા નિશાન સાથે અને પાછળ ઇંદ્રધ્વજ—જિનશાસનની જયધ્વજ ફરકતી હોય—તેમ ચલાવવામાં આવ્યો હતો. તેની પાછળ ઝરીનો ડંકો તથા નિશાન, તાવદાન, કોતલના ઘોડા, આરબની બેરખો, ત્રણ પડઘમો, દશ બાર ત્રાસાની જોડ વિગેરે અનુક્રમે શોભીતી રીતે ચલાવવામાં આવ્યું હતું. આ શોભાની સાથે મનુષ્યોની ઠઠથી બહુજ વરઘોડો ભવ્ય લાગતો હતો. મધ્યે હાથી ઉપર સુંદર રૂપાના હોદામાં પ્રભુ પધરાવ્યા હતા એ જોઈને પ્રેક્ષકના મનને કોઈ અલૌકિક સ્થિતિનું મનન થતું હતું. ખરેખર એ શોભા અવર્ણનીય હતી. હાથી ચલાવનાર તરીકે, પ્રભુને લઈને બેસનાર તરીકે, અને પાછળ ચામર ઉડાડનાર તરીકે મહોત્સવ કરનારના ત્રણે પુત્રો બેઠા હતા તેથી જાણે તેના મહોત્સવના ખર્ચનો—હોંશનો—સર્વે લ્હાવો તેજ સમયે આવી ગયો હતો. રસ્તે તેઓ પૈસા ઉડાડતા તેથી અન્ય દર્શનીઓ તો શાસનની પ્રશંસા કરવા સાથે ઉત્સાહથી અનુમોદના કરતા.

વદ ૨ ને દિવશે મંડપવાલા મકાનની ઉપર વ્યાખ્યાનશાળામાં આ ખુશાલી નિમિત્તે "જૈનધર્મ પ્રસારક સભા તરફથી એક જાહેર સભા ભરવામાં આવી હતી. તે સમયે માણસોની ઠઠ પુષ્કળ હતી પ્રમુખસ્થાન દોશી આણંદજી પરશોતમને આપવામાં આવ્યું હતું. ઘણા પરદેશી સજ્જન ગ્રહસ્થો જેઓ મહોત્સવ ઉપર આવ્યા હતા તેઓ પણ સભામાં પધા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ર્યાં હતા. પ્રારંભમાં સભાના મંત્રી અમરચંદ ઘેલાભાઇએ જિન સ્તુતિ કર્યા બાદ 'શ્રાવકોની સ્થિતિ કેમ સુધરે' એ વિષય ઉપર ભાષણ આપ્યું હતું અને તે પછી દોશી આણંદજી પુરૂષોત્તમના પુત્ર–અને આ સભાના પ્રમુખ કુંવરજી આણંદજીએ તેજ વિષય ઉપર સરસ રીતે વિવેચન કર્યું હતું. બાદ ઘોલેરા નિવાસી શા૦ દેવશી ડાહ્યાભાઈની બનાવેલી નીચેની કવિતા તેજ નગરના રહેનાર ભાઇ ધારશી વીરચંદે વાંચી હતી.

(ત્રોટક)

ઉછરંગ અતિ ચિત્તમાં ઉલસે, મન રંગ ઉમંગ અધિક દીસે;
નિરખી રચના શુભ મંડપની, ઉતરી અહીં સ્વર્ગપુરી શું બની?
પ્રગટ્યો રવિ કે ચળકે શું માણું, બની છે રચના ભલી ભાત તણી;
તરણિ સમ જ્યોત ઉદ્યોત થયો, જિનશાસનમાં જયકાર થયો.
દિપતું વળિ દેવળ તે નિરખી, નરનારી વદે મનમાં હરખી;
ચડતી સ્થિતિ શ્રાવક કોમ તણી, પ્રથમે ગણું ભાવપુરી શું બની.
ભલી ભક્તિ વળી શુભ ભાવ ભલો, ગણું શ્રાવકનો દિનમાન વલ્યો;
મલી મંડલી મંગલ કામ કરે, અતિ હર્ષ વળી ઉત્કર્ષ ધરે.
પરધર્મી વખાણ કરે વિવિધે, પરશંસત શાસન જૈન બધે;
બહુ હર્ષિત ચિત્ત થકી ઊચરૂં, ધન્ય દિન અને ધન્ય પુન્ય ગણું.
અનુમોદન સર્વ કરે મનમાં, નિરખી રચના વિકસે તનમાં;
ભરી આજ સભા અતિ હર્ષ તણી, ગણિએ શિવ સાધન પાપ હણી.
પ્રભુ પાસ કહું કરજોડી કરો; કરજો ચડતી સહુ વિઘ્ન હરો;
વળી જ્ઞાન પ્રસાર પ્રસાર કરો, નિજ નામ પ્રસારક સાર્થ કરો.

તે પછી સભાના મંત્રીએ શેઠ આણંદજી પુરૂષોત્તમ પાસે આ મહોત્સવની ખુશાલીમાં સભાને કાંઇ ભેટ આપવા વિજ્ઞપ્તિ કર્યાથી તેઓએ સભાના જ્ઞાન વૃદ્ધિના કાર્યમાં રૂ૫૧) બક્ષીસ આપ્યા હતા. બાદ ફૂલ ગોટા વહેંચી સભા બરખાસ્ત કરવામાં આવી હતી.

વદ ૩ ને દિવસે તેઓના તરફથી નોકારશી જમાડવામાં આવી હતી અને વદ ૪ ને દિવસે પ્રભાતે મહોત્સવની સમાપ્તિ સાથે છોડ તથા સમવસરણ વધાવી લીધું હતું.

આવા મહોત્સવથી ઘણોજ લાભ છે એટલુંજ નહિ પણ તેથી ઉત્તરોત્તર પુન્યબંધન થાય છે. ઘણા માણસો વિવાહાદિ સાંસારિક હેતુઓમાં પૈસા ખરચે છે તેઓએ આ ઉપરથી વિચારી સર્વદા આવા કાર્યમાં ઉત્સાહી થવું જેથી શાસનની ઉન્નતિ થવા સાથે–દ્રવ્યની સાર્થકતા થાય યશનો વિસ્તાર થાય અને સદ્ગતિનું સાધન થાય. તથાસ્તુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પુસ્તકોની પહોંચ.

वैराग्यशतक—વૈરાગ્ય રસે કરીને ભરપુર આ શતક, મુળ ગાથાઓ અને અર્થ યુક્ત શ્રી અમદાવાદ નિવાસી શા. છગનલાલ બેહેચરદાસ તરફથી બહાર પાડવામાં આવ્યું છે તેની એક નકલ અમને બક્ષીશ દાખલ મળી છે તે સ્વીકારીએ છીએ આ બુક જૈન બંધુઓને ખરીદ કરવા લાયક છે. અક્ષર શુદ્ધ શાસ્ત્રી લીપીના છે. બુકના પ્રમાણમાં કિંમત ચાર આના રાખેલી છે તે વાસ્તવીક છે જોઇએ તેણે પ્રસિદ્ધ કર્ત્તા પાસેથી ઠેકાણું કીકા ભટની પોળમાં કરીને મંગાવી લેવી.

# નવી ચોપડીઓની જાહેર ખબર.

અમારી ઓફીસમાં વેચાણ મળતી (૧૬૭) બુકોનું કીંમત સહીત લીસ્ટ છપાવીને બહાર પાડેલ છે અને ગ્રાહકોને વહેંચેલ છે. જોઇએ તેણે પત્ર લખીને મંગાવવું. તેમાં લખ્યા શિવાયની નવી બુકોની વીગત.

| | |
|---|---|
| ૧ અઢીદ્વિપના નકશા વિગેરેની હકીકત. (નકશાઓ યુક્ત.) | ૨—૦—૦ |
| ૨ શ્રી શત્રુંજયના નકશા ( રંગીત કપડા સાથે ) | ૧—૦—૦ |
| ૩ શ્રી આબુજીના નકશા (રંગીત કપડા સાથે) | ૦—૬—૦ |
| ૪ શ્રી જૈન કલ્પવૃક્ષ (રંગીત કપડા સાથે) ઋષભદેવજીથી પટ્ટાવળી) | ૧—૪—૦ |
| ૫ મુનીરાજ શ્રી આત્મારામજી કૃત પુજાઓ વિગેરેની | ૦—૪—૦ |
| ૬ રતીસાર કુમારનું ચરિત્ર. (બહુજ રસીક) | ૦—૪—૦ |
| ૭ નવું જૈન પંચાંગ (સંવત ૧૯૪૬ ના ચૈતરથી ૧૯૪૭ ના ફાગણ સુધી) | ૦—૧—૦ |
| ૮ નવસ્મરણ મૂળ (શાસ્ત્રી અક્ષરની) | ૦—૪—૦ |
| ૯ ઢુંઢકમત સમીક્ષા. | ૦—૧૦—૦ |
| ૧૦ મિથ્યા પ્રકાર. | ૦—૨—૦ |
| ૧૧ પ્રાતઃસ્મરણ મંગળપાઠ. | ૦—૦—૬ |
| ૧૨ પુણ્યાઢ્ય ચરિત્ર ભાષાંતર. | ૦—૪—૦ |
| ૧૩ સ્થીરાવળી ચરિત્ર. (પદબંધ) પુંઠાં બાંધેલ. | ૨—૨—૦ |
| ૧૪ સિદ્ધાંતચંદ્રીકા ઉત્તરાર્ધ મૂળ. | ૦—૮—૦ |
| ૧૫ શ્રી પાંચ પ્રતિક્રમણ સૂત્ર સ્તવનો વિગેરે સહીત. | ૧—૪—૦ |
| ૧૬ શ્રી સિદ્ધાચળજી વર્ણન. | ૦—૬—૦ |
| ૧૭ સદુપદેશમાળા (નીત સંબંધી રસીક કથાઓ) | ૦—૧૨—૦ |

પોસ્ટેજ જુદું બેસશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સર્વે જૈન બંધુઓને અવશ્ય ખરીદ કરવા લાયક.

# ચરિતાવળી અથવા જૈન કથા સંગ્રહ.

સુંદર રસિક અને મોટી મોટી કથાઓનું ભાષાંતર કરી કરાવીને આ બુક તૈયાર કરવામાં આવી છે. હાલ સૂધી જૈનધર્મની આવી કોઈ પણ બુક છપાયેલ નથી. વિશેષ વર્ણન પ્રથમથ શું કરવું? પુસ્તકના પૃષ્ટ આ ચોપાનીયા જેવડા લગભગ ૩૭૫ થશે. પાકા પુંઠાથી બંધાશે. કિંમત પ્રથમના ગ્રાહકને માટે રૂ ૧। રાખવામાં આવી છે. પાછળથી વધારે બેસશે. પોસ્ટ ખર્ચ જુદું.

## लवाजमनी चहोच.

१–३ શા० સુંદરજી હરચંદ
२–६ શા० મુળચંદ માલા
२–६ શા० ગુલાબચંદ રતનજી
१–३ દોશી. ખુશાલ માણેકચંદ
२–६ શા० ડીકા તારાચંદ
१–३ શા० ગગલચંદ હાથીભાઈ
१–३ શા० ખીમચંદ બહેચર
१–३ શા० ઉતમચંદ વીરચંદ
१–३ શા० લલુચંદ પ્રેમચંદ
१–३ માસ્તર પ્રેમચંદ જેચંદ
३–९ શા० નેમચંદ રતનચંદ
१–३ શા० હીરજી માણેક
१–३ વૈદ્ય ઓધવજી જેતશી

१–३ મોતીચંદ રૂપચંદ
१–४ ડાક્તર જગજીવનદાસ લલુભાઈ
१–० શા० બકોર ઉજમ
१–३ શા० લલુભાઈ જેઠાભાઈ
१–२ શા० મોહનલાલ લલુભાઈ
१–३ શા० લલુભાઈ ઘેલદાસ
१–३ શા० મોતીલાલ માણેકચંદ
२–६ શા० નાથાજી ખુબાજી
१–० વાગડીઆ ગુલાબચંદ અમરચંદ
१–३ દેશાઈ લખમીચંદ ભવાન
१–३ બેહેન ગંગા
१–३ શા० સરૂપચંદ કેવળચંદ
१–३ શા० રામચંદ જીવરાજ

ગ્રાહકોએ લવાજમ તાકીદે મોકલવું.

For Private And Personal Use Only